# શહેરમાં મચ્છરજન્ય બિમારીઓમાં ઉછાળો

## ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના ૩૬ કેસ, ચિકનગુનિયાના છ કેસ, મેલેરિયાના છ કેસ છેલ્લા ૬૦ દિવસમાં નોંધાયા છે

ગાંધીનગર, તા.૨૦


ગાંધીનગરમાં ચોમાસાની ઋતુમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સામાન્ય તાવ, શરદી, મેલેરિયા જેવી બિમારીઓ વધી છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા ૬૦ દિવસોમાં ડેન્ગ્યુના ૩૬ કેસ, ચિકનગુનિયાના ૬ કેસ, સામાન્ય મેલેરિયાના ૬ કેસ, ઝેરી મેલેરિયાના ત્રણ કેસ નોંધાયા છે.

### બેદરકારી છોડો, ચિકનગુનિયાથી બચવા આટલુ કરો

- એડીસ ઈજિપ્તિ મચ્છરથી ફેલાતા આ રોગથી બચવા ઘરમાં તથા ઘરની આસપાસ પાણીનો સંગ્રહ ટાળવો
- ઘરની અંદર ગ્રાઉન્ડ, ઓવરહેડ ટાંકીના ઢાંકણા એરટાઈટ બંધ રાખવા
- આ મચ્છર દિવસે કરડતાં હોવાથી આખું શરીર ઢંકાઈ રહે તેવા કપડાં પહેરવા, સમયાંતરે જંતુનાશક દવાઓનો છંટકાવ કરતા રહેવું.

ચોમાસામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગનો ફેલાવો વધી રહયો છે. મચ્છરોથી ફેલાતા રોગચાળામાં ડેન્ગ્યુ એક પ્રકારે એવો વાયરસ છે જે મનુષ્યોમાં ઝડપથી ફેલાય છે. ડેન્ગ્યુ વાઈરસ મુળ માદા મચ્છર દ્વારા ફેલાય છે. આ પ્રકારના મચ્છર કરડવાથી ચિકનગુનિયા, પીળો તાવ, ઝીકા વાઈરસ પણ ફેલાય છે.

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં ઉછાળો થયો છે. આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા રીપોર્ટીંગ નહીં કરવાના પગલે શહેર જિલ્લામાં કેસોની સંખ્યા વધી રહી છે પણ સાચી સંખ્યા મળી રહી નથી. હવામાં ભેજના કારણે મચ્છરોની ડેન્સીટી વધી છે જેનું નિયંત્રણ કોણ કરશે અને કયારે થશે તેની કોઈ તકેદારી જોવા મળી રહી નથી. ચોમાસામાં ઠેરઠેર પાણીના ભરાવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધવા પામ્યો છે. મેલેરિયા કરતાં એનાફીલીસ મચ્છર ફકત ચોખ્ખા પાણીમાં જ ઈંડા મુકે છે. ઘણાં એવું માને છે કે જયાં ગંદુ પાણી ભરાયેલું હોય ત્યાં ખુબ મેલેરિયા થાય છે પણ ગંદા પાણીમાં એનાફીલીસ મચ્છર ઈંડા મુકે નહીં ત્યા બીજી જાતના કયુલેક્ષ મચ્છર ઈંડા મુકે.




### ચોમાસાની ઋતુમાં મેલેરિયાની બિમારી ઘરમાં ન પ્રવેશે તે માટે આટલું કરો

- ઘરની આસપાસ, છત પર પાણીનો સંગ્રહ ન થાય તેની કાળજી રાખો
- જો બંધિયાર પાણીને વહાવવું શકય ન હોય તો તેમાં પોરાભક્ષક માછલી કે બળેલુ કેરોસીન, ઓઈલ નાંખો
- જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરો.

### અને છેલ્લે....

આગામી તા.૨૫, ૨૬ અને ૨૭ ઓગસ્ટના રોજ યુનિસેફ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન તેમજ ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા વાહકજન્ય રોગચાળો એ અંગેની એક ગોળમેજી પરિસદ યોજાવાની છે. અમદાવાદ ખાતે યોજાનારી આ પરિસદમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે લેવાયેલા કે લેવા ધારેલા પગલાઓ ઉપર વિસ્તૃત ચર્ચાઓ થવાની છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ અમદાવાદ આવી રહયા છે.

ખરેખર તો જયાં જયાં ચોખ્ખા પાણીનો ભરાવો થતો હોય ત્યાં એનાફીલીસ મચ્છર ખુબ જ વધે છે. આપણા ઘરમાં કે આજુબાજુ જો ચોખ્ખુ પાણી ભરાયેલું અને ઉઘાડુ રહે જેમકે ખુલ્લી ટાંકી, ડોલ, કોઠી વગેરે તો તેમાં મેલેરિયાના માદા મચ્છર એક સામટા ઘણા ઈંડા મુકે છે. ઈંડામાંથી પોરા બને છે. તેમાંથી કોશેટો બને છે અને છેવટે મચ્છર બને છે. આમ મચ્છર વધે છે અને મેલેરિયા ફેલાવે છે. એનાફીલીસ મચ્છર વ્યક્તિને મોડી રાત્રે કરડે છે. આનો અર્થ એ છે કે દિવસ દરમ્યાન કરડતા મચ્છરોથી મેલેરિયા થાય નહીં પણ ગાઢ ઉંઘ દરમ્યાન કરડતાં મચ્છરથી મેલેરિયા થાય છે.

## જામનગરના ધ્રોલમાં ૫૦૦૦ રાજપૂત યુવાઓએ બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ




તલવાર રાસ સાથે શહીદોને સલામી... - વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન મા નોંધાયો રેકોર્ડ. પ્રસંગે માન. કેન્દ્રીય મંત્રીશ્રી ગજેનદસિહ સેખાવત .ગુજરાત સરકાર ના મંત્રીશ્રી કિર્તિસિહ વાઘેલા.બીજેપી સંગઠન આગેવાન પૃદિપસિહ વાઘેલા ની ઉપસ્થિતિ મા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ ના ગુજરાતના અધ્યક્ષ ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી, એડવોકેટ તથા ઉપપ્રમુખ કિશોરસિહ ઝાલા એ રાજપુત સમાજ ના અધ્યક્ષ જયેનદસિહ જાડેજાને રેકોર્ડ કરવા બદલ સર્ટિફિકેટ એનાયત કરેલ



ભારતના પૂર્વ વડાપ્રધાન ભારતરત્ન સ્વ.રાજીવ ગાંધીની જન્મજયંતી નિમિત્તે ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસ દ્વારા વડના વુક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું.



ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીના જન્મદિન નિમિત્તે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સિવિલના દર્દીઓને ફળ-ફળાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખ શૈલેન્દ્રસિંહ બિહોલા સહિત સિનિયર આગેવાનો આ સેવાકાર્યમાં જોડાયા હતા. સે. ૨૮ સમર્પણ મૂકબધિર શિશુ વિદ્યામંદિરના બાળકોને પણ ફળ-ફળાદિનું વિતરણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર અર્બન કો.ઓપ બેન્કની સાધારણ સભા યોજાઈ

### સભાસદોને ૧૦ ટકા ડિવિડન્ડને મંજૂરી : ૨૦૨૧-૨૨માં ૧.૨૧ કરોડ નફો




ગાંધીનગર, તા. ૨૦

પાટનગરના સેક્ટર-૨૧ ખાતે કાર્યરત ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેન્ક લી.ની નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની વાર્ષિક સાધારણ સભા તા. ૧૨મી ઓગષ્ટ-૨૦૨૨ને રવિવારે શહેરના સેક્ટર-૨૩માં આવેલ કડી સર્વવિદ્યાલય શિક્ષણ સંકુલની ઉમા આર્ટસ કોલેજના ખીમજી વિસરામ હોલ ખાતે યોજાઈ હતી. સાધારણ સભામાં બેન્કના ચેરમેન કાલીદાસ વી. પટેલે અધ્યક્ષસ્થાને બેન્કનો વાર્ષિક અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. અહેવાલ અનુસાર માર્ચ-૨૦૨૨ના આખરે બેન્કનું શેર ભંડોળ રૂ. ૩.૬૩ કરોડ, અન્ય ફંડ ૯.૨૫ કરોડ, બેન્કની ડિપોઝીટ રૂ. ૯૦.૧૩ કરોડ, ધીરાણ રૂ. ૪૭.૭૫ કરોડ પહોચ્યુ છે. બેન્કે વર્ષ આખરે ચોખ્ખો નફો રૂ. ૧.૨૧ કરોડ કર્યો છે અને સભાસદોને શેર ભંડોળ પર ૧૦ ટકા ડિવિડન્ડ આપવાનું મંજૂર કરવામાં આવ્યું હતું. બેન્કની વાર્ષિક સાધારણ સભાનું સંચાલન મેનેજિંગ ડિરેક્ટર, સીઈઓ ગોવિંદભાઈ પટેલે કર્યું હતું.

બેન્કનો વાર્ષિક અહેવાલ, સરવૈયું અને નફા-નુકશાન ખાતાને સભાસદો અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં મંજૂર કરવામાં આવ્યું હતું. સભામાં બેન્કના સભાસદોના પાલ્ય વિદ્યાર્થીઓને કે જેઓ એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય તેમણે મેરીટ ક્રમ મુજબ ચાંદીનો મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવા ઉપરાંત વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભાસદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સભામાં આવેલ તમામ સભાસદો, પદાધિકારીઓ, ડિરેક્ટરો અને કર્મચારીઓને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે કાલીકાસ વી. પટેલ છેલ્લા પાંચ વર્ષથી બેન્કના ચેરમેન તરીકે સેવાઓ આપી રહ્યા છે. આ પ્રસંગે તેઓએ ડિરેક્ટર્સ, સભાસદો, ગ્રાહકો, શુભેચ્છકો વગેરેનો આભાર વ્યક્ત કર્યો હતો. વાર્ષિક સાધારણ સભાને અંતે બેંન્કના વાઈસ ચેરમેન પ્રકાશભાઈ પટેલે આભારદર્શન વ્યક્ત કર્યુ તેમજ રાષ્ટ્રગીત સાથે સભાની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.



વરસાદે શહેરના માર્ગોને બિસ્માર બનાવી દીધા છે. સ્માર્ટસીટીની ઓળખ થોડાક જ વરસાદમાં ધોવાઈ ગઈ છે. શહેરની આસપાસના નવ વિકસીત વિસ્તારોના માર્ગોનો ડામર ઉખડી ગયો છે અને મસમોટા ખાડા પડી ગયા છે. શહેરના સરગાસણ વિસ્તારના આંતરિક માર્ગોની હાલત ખુબ જ બિસ્માર બની ગઈ છે.



સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા સ્વતંત્ર ૭૫માં સ્વતંત્રતા દિવસ અંતર્ગત ધ્વજવંદન નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં મુખ્ય મહેમાન તરીકે ગેડાના ડિરેક્ટર ડો. વાગ્મિન બૂચ, તથા ગાંધીનગર સાંસ્કૃતિક સંસ્થાના પ્રમુખ શિવરંજનીજી મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. આઝાદીની આ ૭૫મી વર્ષગાંઠે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કોલેજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ટ્રસ્ટી શ્રી ભરત સિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર ડો. એમ. ડી. પાંડે તથા પ્રિન્સિપલ ડો. રાજી ડેનિસે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. તમામ સ્ટાફ મિત્રો હાજર રહી કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.


## સે. ૨૨ ગણેશોત્સવના આરંભે કોરોના દિવંગતો માટે ભજન સંધ્યા-લોકડાયરાનું આયોજન

ગાંધીનગરમાં સેક્ટર-૨૨ ખાતે ઘણા વર્ષોથી સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આગામી તા. ૩૧મી ઓગષ્ટે ગણેશ ચતુર્થીના દિવસે રાત્રે ૭.૩૦ કલાકે ગણપતિદાદાના સ્થાપન સાથે શહેરના કોરોના મૃતક દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા માટે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત શહેરીજનોને તેમના કોરોનાકાળમાં દિવંગત થયેલાં આત્મજનોના પાસપોર્ટ સાઈઝના ફોટા નામ સાથે સમિતિ દ્વારા મંગાવવામાં આવ્યા છે.


શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની અખબારી યાદીમાં જણાવ્યાં અનુસાર કોરોનાના કપરા કાળમાં શહેરીજનોએ તેમના ઘણાં સ્વજનોને ગુમાવ્યાં છે જે પૈકી ઘણા સ્વજનો પરિવારના મોભી કે સમાજના અગ્રણી કે રાજકીય વગ ધરાવતા આગેવાનો હતા તેમજ કેટલાંક વેપારીઓ કે સરકારમાં ફરજ બજાવતા હતા જેમના અનુભવ અને નગરરચનામાં કે સેવાકીય પ્રવૃત્તિઓમાં યોગદાન શહેર માટે અમૂલ્ય હતુ જેને ખોવાનો વસવસો છે. સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે. ૨૨ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પરંપરાગત રીતે ગણેશોત્સવ ઉજવવાનું આયોજન કરાયું છે જે અંતર્ગત તા. ૩૧મી ઓગષ્ટે રાત્રે ૭.૩૦ કલાકે ગણપતિદાદાની આરતી પૂજન દિને કોરોના મૃતક દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી ભજનસંધ્યા તેમજ લોકડાયરાનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ માટે શહેરીજનોને તેમના કોરોનાકાળમાં દિવંગત સ્વજનોના પાસપોર્ટ ફોટા નામ સાથે તા. ૨૫મી ઓગષ્ટ સુધીમાં શહેરના સેક્ટર-૧૬માં તૃપ્તિ પાર્લરની બાજુમાં પ્લોટ નં. ૩૮૧, 'મીનાક્ષી' ખાતે પહોંચાડવા જણાવાયુ છે. વધુ વિગત માટે મો. નં. ૯૬૨૪૨૧૯૯૯ નંબર પર ફોન કરીને સંપર્ક સાધી શકાશે.

# શહેરમાં સ્ટ્રીટલાઈટના ઢાંકણા ખુલ્લા : વીજ કરંટની ભીતી

## અબોલ પશુઓ તથા નાના બાળકો માટે આ ખુલ્લા ઢાંકણ ખતરા સમાન : સ્ટ્રીટલાઈટોના ઢાંકણ સત્વરે બંધ કરવાની માંગ ઉઠી




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં ચોમાસાની આ મોસમમાં ગાયોના મોત કરંટ લાગવાની થયા હતા. શહેરમાં ઠેકઠેકાણે ઉભા કરેલા ઈલેક્ટ્રીક સ્ટ્રીટ લાઈટના થાંભલાના ઢાંકણાઓ ખુલ્લી હાલતમાં જોવા મળી રહયા છે. જે ખુબ ગંભીર બાબત છે. આ થાંભલાઓ અબોલ પશુઓ અને પક્ષીઓ ઉપરાંત નાના બાળકો માટે ખતરારૂપ બની શકે છે. અજાણતાથી રમતા રમતા નાના બાળકો આ સ્ટ્રીટ લાઈના થાંભલા તરફ દોડી જતાં મોટો અકસ્માત થઈ શકે છે. આ થાંભલાઓ જયાં જયાં દેખાય છે ત્યાં ત્યાં ઢાંકણાં ખુલ્લા જ જોવા મળી રહયા છે. સત્વરે આ ખુલ્લા ઢાંકણા બંધ કરવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા અપીલ કરવામાં આવી છે. ચોમાસાના કારણે વરસાદી દિવસોમાં વીજ વાયરોમાંથી કરંટ જે-તે સ્થળ ઉપર પાણીમાં પ્રસરતાં કોઈ પણ અજાણી વ્યક્તિને કરંટ લાગવાની ભીતી સેવાઈ રહી છે. અગાઉ પણ કરંટ લાગવાથી અબોલ પશુઓના મોત થઈ ચુકયા છે તેમ છતાં જવાબદાર તંત્ર દ્વારા આ અંગે ગંભીરતાથી નોંધ લેવાઈ રહી નથી. ઘણા ઈલેકટ્રીક લાઈટના થાંભલાઓમાં નાના નાના છોડવાઓ ઉગી નીકળવા લાગ્યા છે. ચોમાસાના કારણે ગ્રીનરી પ્રસરતી આ થાંભલાઓની અંદર પણ પહોંચી જવા પામી છે. રહેણાંક વિસ્તારોમાં આ ઢાંકણ વગરના થાંભલાઓ સૌથી વધુ ખતરાસમાન જોવા મળી રહયા છે.

જે-તે સમયે ઉભા કરાયેલા આ લાઈટના થાંભલાઓના ઢાંકણ સંપુર્ણ બંધ હતા પરંતુ લાઈટની રીપેરીંગ કામગીરી દરમિયાન એક બાદ એક ઢાંકણ ખુલ્લા બની જવા પામ્યા છે. જેની કોઈ નોંધ લઈ રહયું નથી. આ ઉપરાંત કેટલાક ઠેકાણે નવા થાંભલા નાંખવામાં આવ્યા છે તો ઘણા થાંભલાઓ જુના અને જોખમી હાલતમાં જોવા મળી રહયા છે. સ્ટ્રીટલાઈટના થાંભલા કટાયેલી અને કંગાળ હાલતમાં પણ જોવા મળે છે. સેકટરવાસીઓના માથે ખતરો જંબુળી રહયો છે.

કેટલાક પક્ષીઓ અને અન્ય જીવ આ થાંભલામાં પોતાનો જીવ ગુમાવી રહયા છે. કરંટ લાગવાથી અબોલ જીવો તથા માણસોને સુરક્ષિત રાખવા માટે આ થાંભલાઓના યોગ્ય રીતે ઢાંકણ બંધ કરવામાં આવે તેવી લોકમાંગણી ઉભી થઈ રહી છે.